ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જલસેવાભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર

Gujarat Water Supply & Sewerage Board
JalsevaBhavan, Sector 10-A, Gandhinagar.

પત્ર ક્રમાંક: કોમ્પ્યુટર/ ઇ-ટેન્ડર/બ્રોડબેન્ડ/૧૪/૨૦૦૫/ ૯૬૨ તા: ૧૯/૭/૨૦૦૮

પ્રતિ,
મુખ્ય ઇજનેરશ્રી,
ઝોન - ૧ / ૨ / ૩ / ૪,
વડોદરા / અમદાવાદ/રાજકોટ/ ભુજ-કચ્છ

વિષય: પેટા - વિભાગીય કચેરી સુધી બ્રોડબેન્ડ સેવાઓ આપવા બાબત. . .
સંદર્ભ: અત્રેના પરિપત્ર ક્રમાંક: કોમ્પ્યુટર/ ઇ-ટેન્ડર/બ્રોડબેન્ડ/૧૪/૨૦૦૫/૨૭ તા: ૨૦/૨/૨૦૦૬

સંદર્ભિત પરિપત્રથી કચેરીઓની કનેક્ટીવીટીની જરુરિયાત અન્વયે તમામ વિભાગીય સ્તર સુધીની કચેરીઓ માટે બ્રોડબેન્ડ કનેક્ટીવીટીની સુવિધાઓ મંજુર કરવામાં આવેલ હતી.

તાજેતરમાં આવી સેવાઓ (BSNL Broadband) ઘણાં તાલુકા મથકો સુધી ઉપલબ્ધ થયેલ છે. આ સેવાઓની ઉપયોગીતા ધ્યાને લેતાં, પેટા-વિભાગીય સ્તરની કચેરીઓને પણ આવી સેવાઓ નીચે દર્શાવેલ શરતોએ મેળવવા આથી જણાવવામાં આવે છે;

૧) BSNL Broadband સેવાઓ મેળવવા સમયે જે કચેરીઓએ ડાયલ-અપ સુવિધા મેળવેલ હોય તો તે રદ કરવાની રહે છે.
૨) બ્રોડબેન્ડ સેવાઓ લઘુત્તમ દરે ઉપલબ્ધ પ્લાન પ્રમાણે મેળવવાની છે.
૩) બ્રોડબેન્ડ મોડેમ મટે એક સમયનું ચૂકવણું કરી બ્રોડબેન્ડ મોડેમ મેળવવાનું રહેશે. તેની નોંધ કચેરીના ડેડ સ્ટોક રજીસ્ટરમાં કરવાની છે.
૪) બ્રોડબેન્ડનો માસિક વપરાશ લઘુત્તમ પ્લાનથી ન વધે તે અંગે સબંધિત કચેરીએ કાળજી રાખવાની રહે છે. આ માટે અનધિકૃત વપરાશ ન થાય તેમ વ્યવસ્થા ગોઠવવી રહે છે.
૫) બ્રોડબેન્ડ સેવાઓ સાથે એક ઇ-મેઇલ આઇડી વિના મૂલ્યે આપવામાં આવે છે. તેમાં ઉપલબ્ધી ને આધિન, નીચે દર્શાવ્યા પ્રમાણે યુઝર નેમ રાખવું:
P. H. Sanitary Sub Division - SSD-officelocation@dataone.in
P. H. Project Sub Division - PSD-Officelocation@dataone.in
P. H. Sanitary Sub Division - 1/2 - SSD1/2-officelocation@dataone.in
P.H. Mechanical Sub Division - MSD-Officelocation@dataone.in
P.H. Mechanical Store Sub Division - STD-officelocation@dataone.in
૬) માત્ર કનેક્ટીવીટી મેળવવા સાથેનો બ્રોડબેન્ડ મોડેમ અંગેનો ખર્ચ હિસાબી સદર ૨૩૪૧-૮૦ (કોમ્પ્યુટરાઇઝેશન - ભારત સરકાર સહાયિત) હેઠળ ઉધારવાનો છે. ત્યારબાદના નિયમિત વપરાશના બીલો ટેલિફોન બીલના સદરે જ ઉધારવાના છે.

આ બાબતે વધુ વિગતોની જરૂર જણાયે સિસ્ટમ મેનેજર નો સંપર્ક કરવાનો રહેશે.

નાણાં નિયંત્રક